| PUBLICATION NAME : | Jai Hind |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 30/11/23 |
| PAGE : | 12 |

### કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને

# નાના ઉદ્યોગો શરૂ કરવા માટે રૂા. ૪૦ હજાર જેટલી આર્થિક સહાય ચુકવાશેઃ ઋષીકેશ પટેલ

ગાંધીનગર, તા. ૨૯

રાજ્યના ઉચ્ચ અને ટેક્નીકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે ‘‘વિદ્યાર્થી ઉદ્યોગ સાહસિકતા પોલીસીની અસરકારક અમલવારી માટે ઈડીઆઈઆઈ (એન્ટરપ્રિન્યોરશીપ ડેવલોપમેન્ટ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડિયા) સાથે એમઓયુ કરવામાં આવ્યા હતા.

## ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ મંત્રીની ઉપસ્થિતિમાં ‘વિદ્યાર્થી ઉદ્યોગ સાહસિકતા પોલીસી’ સંદર્ભે ઈડીઆઈઆઈ સાથે એમઓયુ

રાજયની સરકારી બિન સરકારી અનુદાનિત આર્ટ, સાયન્સ, કોમર્સ, બી.એડ, લો કોલેજો તથા ગ્રામ્ય વિદ્યાપીઠમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓને અભ્યાસની સાથે સાથે ઉદ્યોગ સાહસિકતા વિકસાવવા તથા તેઓને પ્રોત્સાહન આપવાના ભાગ રૂપે રાજ્ય સરકારે ‘‘વિદ્યાર્થી ઉદ્યોગ સાહસિકતા પોલીસી અમલમાં મુકવામાં આવેલ છે.

આ પોલીસીની અસરકારક અમલવારી માટે જ આજે આ એમઓયુ કરવામાં આવ્યા છે.

આ પોલીસી અંતર્ગત પ્રારંભિક તબક્કે ૫૦૦ જેટલા નોડલ ઓફીસરની નિયુક્તિ કરીને કૉલેજમાં અભ્યાસ કરતા ૨૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ/ વિદ્યાર્થીનીઓને ઉદ્યોગ સાહસિકતા નીતિ પ્રોગ્રામ હેઠળ આવરી લઈ પસંદગી પામેલ વિદ્યાર્થીઓ તેઓને નાના ઉદ્યોગો શરૂ કરવા માટે ૪૦,૦૦૦/- રૂપિયા જેટલી આર્થિક સહાય ચૂકવવાનું નક્કી કરવામાં આવ્યું છે.



જેના ફળસ્વરૂપે વિદ્યાર્થીઓમાં રહેલા નવોન્મેષ વિચારો, સ્કીલ ને પ્લેટફોર્મ મળશે અને સમાજમાં નવા આંતરપ્રિન્યોર્સ તૈયાર થશે.